# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સુરત જિલ્લાના માંડવીના તડકેશ્વરમાં પાણીની ટાંકી ધરાશાઇ થવા મામલે 3 અધિકારીઓને ફરજ મોકૂફ કરાયા.**
2. **ગુજરાત રાજ્ય GST વિભાગ દ્વારા અમદાવાદ સ્થિત ફાર્મા ગ્રૂપ દ્વારા કરાયેલી GST ચોરીનો પર્દાફાશ**
3. **રાજ્ય સરકારે 12 હજાર કરોડ કરતા વધુના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરી.**
4. **કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા બનાસકાંઠાના જેસોર અભયારણ્યને રીંછના સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં આવરી લેવાયું.**
5. **આજે સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અન્વયે મુખ્યમંત્રી નાગરિકોની ફરિયાદોનુ નિવારણ કરશે**
6. **અંબાજી ખાતેથી આદિજાતિ રાષ્ટ્રીય મહિલા તિરંદાજી સ્પર્ધાનો પ્રારંભ .**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# MANDVI PANI NI TANKI

સુરત જિલ્લાના માંડવીના તડકેશ્વરમાં પાણીની ટાંકી ધરાશાઇ થવા મામલે 3 અધિકારીઓને ફરજમોકૂફ કરાયા છે. પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું , અધિકારીઓ અને એજન્સી પર પોલીસ ફરિયાદ પણ કરાશે.

(BYTE – ISHWARSINH PATEL, MANTRI)

---

# GST SCAM

**ગુજરાત રાજ્ય જીએસટી વિભાગ દ્વારા અમદાવાદ સ્થિત ફાર્માસ્યુટિકલ ગ્રૂપ દ્વારા કરાયેલી કરોડો રૂપિયાની ટેક્સ ચોરીનો પર્દાફાશ કરાયો છે. આ ફાર્માસ્યુટિકલ ગ્રૂપ દ્વારા 114 કરોડથી વધુના કરપાત્ર વ્યવહારો અને 20 કરોડથી વધુના ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી કરચોરી કરાઈ હોવાનું સામે આવ્યું છે.**

**જીએસટી વિભાગ દ્વારા અમદાવાદ સ્થિત એક ફાર્માસ્યુટિકલ ગ્રૂપની કુલ 11 સંબંધિત પેઢીઓ દ્વારા કરવામાં આવેલી મોટાપાયે જીએસટી ચોરીનો પર્દાફાશ કરાયો છે.**

**જીએસટી વિભાગ દ્વારા કુલ 32 જગ્યાઓમાં આયોજનબદ્ધ રીતે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન ધ્યાનમાં આવ્યું હતું કે, ઘણી પેઢીઓ અમદાવાદ ખાતે આવેલ એક જ જગ્યાએથી સંચાલિત થતી હતી.**

**કેટલીક ફાર્મા કંપનીઓએ પોતાના જીએસટી રજિસ્ટ્રેશનની વિગતોમાં ફેરફાર કરીને આયર્ન એન્ડ સ્ટીલ/ઇંગોટ્સના ટ્રેડિંગને ધંધાકીય પ્રવૃત્તિ તરીકે દર્શાવી હતી.**

જયારે હકીકતમાં આવી પેઢીઓ માલની હેરફેર કર્યા વિના ખોટા બિલો અને ઇ-વે બિલોના આધારે ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં સંડોવાયેલી હતી.

---

## CABINET TEKA NA BHAV

રાજ્ય સરકારે 12 હજાર કરોડ કરતા વધુના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરી છે.

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું , ટેકાના ભાવે ખરીદી માટે 10 લાખ 11 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. રાજ્યમાં ટેકાના ભાવે ખરીદી 6 ફેબ્રુઆરી સુધી ચાલશે.

(બાઇટ : જીતુ વાઘાણી- પ્રવક્તા મંત્રી)

---

## SWB MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગઇકાલે ગાંધીનગર ખાતે સ્ટેટ વાઇલ્ડ લાઇફ બોર્ડની 26મી બેઠક યોજાઈ. બેઠકમાં કેન્દ્રીઇલચ્યન પર્યાવરણ મંત્રાલય દ્વારા જેસોર અભયારણ્યને રીંછના સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં આવરી લેવાયું હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

બેઠકમાં શ્રી પટેલે રાજ્યના સંરક્ષિત વન વિસ્તારમાં મુલાકાતીઓના ધસારાને પગલે વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય એની કાળજી

લેવા વન વિભાગને સૂચનો કર્યા હતા.ઉપરાંત રતનમહાલ અભયારણ્યમાં વાઘના સ્થાયી થવાની સંભાવનાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

---

## CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ  આજે ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ રાજ્ય 'સ્વાગત'માં ઉપસ્થિત રહી નાગરિકોના પ્રશ્નો-સમસ્યાઓ-રજૂઆતો સાંભળશે.

સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો  આજે સવારે 8 થી 11 વાગ્યા દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકાશે.

---

## CM AUS HIGH COMMISSIONER

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ઓસ્ટ્રેલિયન હાઈ-કમિશનર ફિલીપ ગ્રીનએ ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત બેઠક કરી હતી. ઓલિમ્પિક ગેમ્સ માટેના આધારમાળમાં અને રમતગમત સુવિધાઓનો ટકાઉ ઉપયોગ કરવાના ઓસ્ટ્રેલિયાના અનુભવ જ્ઞાનનો લાભ લેવા મુખ્યમંત્રીએ રાજ્યની તત્પરતા દર્શાવી હતી.

આ બેઠકમાં રાજ્યમાં ઓલિમ્પિક ગેમ્સ માટેની વ્યવસ્થાઓના નિરીક્ષણ માટે ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળને ઓસ્ટ્રેલિયા આવવા હાઈ કમિશનરે નિમંત્રણ આપ્યું હતું. ગિફ્ટ સિટીમાં કાર્યરત ડિકન યુનિવર્સિટી સ્પોર્ટ્સ સાયન્સ, સ્પોર્ટ્સ રિસર્ચ અને સ્પોર્ટ્સ બિઝનેસ જેવા અભ્યાસક્રમો માટે સેન્ટર ઓફ એક્સેલન્સથી અલાયદી ઇકો

સિસ્ટમ ઊભી કરશે. પુનઃપાપ્ય ઉર્જાના ક્ષેત્રમાં ઓસ્ટ્રેલિયાના અનુભવોનો ગુજરાતને લાભ આપવા માટેની તૈયારી દર્શાવી હતી.

---

# PRAGATI AHMEDABAD METRO

અમદાવાદ શહેરનો મેટ્રો રેલ પ્રોજેકટનો પહેલો તબક્કો 31 જાન્યુઆરી 2026ની સમય મર્યાદા પહેલા જ ડિસેમ્બર 2024માં સંપૂર્ણ કાર્યરત થયો છે.

પ્રધાનમંત્રીના પ્રગતિ ( PRAGATI) દેખરેખ પ્રણાલી હેઠળ આ પ્રોજેકટની બે વખત ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરવામાં આવી હતી , જેના પરિણામે જમીન સંપાદન અને પુનઃવસન જેવા જટિલ પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવ્યો હતો. ખાસ કરીને એક હજાર 989 અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસનની કામગીરી ઓગસ્ટ 2022 સુધીમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી , જેના પરિણામે આ પ્રોજેકટ ઝડપથી પૂર્ણ થયો છે. વર્ષ 2025 સુધીમાં દરરોજ સરેરાશ 1.3થી 1.6 લાખ મુસાફરો આ સેવાનો લાભ લઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે , 17 નવેમ્બર 2014ના રોજ મંજૂર થયેલો અને 12 હજાર 924 કરોડના ખર્ચે તૈયાર થયેલ આ તબક્કો કુલ 40 કિલોમીટરનું અંતર આવરી લે છે. જેમાં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ (પૂર્વ-પશ્ચિમ) અને એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ (ઉત્તર-દક્ષિણ) કોરિડોરનો સમાવેશ થાય છે.

---

# MORBI- DEMOLITION

મોરબી મહાનગર પાલિકા દ્વારા વન વિક વન રોડ અંતર્ગત રોડ પર દબાણો દુર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. વાવડી ચોકડી થી વાવડી ગામ સુધી ૧૮ મીટરના રોડ પર થયેલ દબાણો દૂર કરવામાં આવ્યા . મોરબી મહાનગર પાલિકા નાયબ.કમિશનર સંજય સોનીએ વધુ માહિતી આપી છે.

**(BYTE-SANJAY SONI, Deputy Commissioner)**

---

# WITE HEADLINE RELATED NOTIFICATION

વાહનવ્યવહાર વિભાગે અતિ તીવ્રતા વાળી સફેદ હેડલાઇટ ધરાવતા વાહનો સામે કાર્યવાહીની સૂચના આપી છે. આ અંગે રાજ્યની તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી – RTOને આ ચૂચનાનું કડક પાલન કરવા જણાવ્યું છે.

આવી લાઇટથી અકસ્માતનું જોખમ રહેલું છે. જેને લઈને લોકો તરફથી મળેલી ફરિયાદોના આધારે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---

# JAMNAGAR- BHARUCH FIRE

જામનગરના ગોકુલનગરમાં એક દુકાનમા આગ લાગતાં અનેક અબોલ પક્ષીઓ અને શ્વાનના મોત થયા છે. ફાયરની ટુકડી દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી કેટલાક શ્વાન અને પક્ષીઓને બચવાયા હતા.

**શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાના અહેવાલ છે. આગ દુર્ઘટનાને પગલે થોડી મિનિટો માટે વિસ્તારમાં અફડાતફડી મચી જવા પામી હતી.**

**બીજી તરફ ભરૂચમાં વડદલા ગામે ગાડીના શોરૂમમાં આગ લાગતાં ભારે નુકસાન થયું હતું.**

---

# AMBAJI ARCHARY COMPITION

**અંબાજી ખાતેથી આદિજાતિ રાષ્ટ્રીય મહિલા તિરંદાજી સ્પર્ધાનો રાજ્યમંત્રી જયરામ ગામીતે પ્રારંભ કરાવ્યો હતો. સતત બીજા વર્ષે અંબાજીમાં રાષ્ટ્રીય મહિલા આર્ચરી સ્પર્ધા યોજાઇ છે.**

**આ સ્પર્ધામાં 28 રાજ્ય અને 8 કેન્દ્રશાસિત પ્રદેશની 500 થી વધુ મહિલા તિરંદાજોએ ભાગ લીધો હોવાનું જયરામ ગામીતે જણાવ્યું હતું.**

**(બાઈટ – જયરામ ગામીત)**

---

# WEATHER

**રાજ્યમાં આગામી 48 કલાક સુધી રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે. ત્યારબાદ 23 થી 24 જાન્યુઆરી દરમિયાન 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળશે. જેના કારણે રાજ્યમાં ઠંડીનું જોર વધશે.**

**25** જાન્યુઆરી બાદ ફરી તાપમાનમાં વધારો થતા ઠંડીનું જોર ઘટશે. પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વ તરફની રહેશે તેમ હવામાન વિભાગના વડા ડો એ કે દાસે જણાવ્યું હતું.

---

# PORBABANDAR – KHADI

રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ ખાદીના વેચાણમાં વધારો જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત પોરબંદરના ખાદી ભવન ખાતે ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે **10.6** લાખના મૂલ્યનું ખાદીનું વેચાણ વધ્યું છે.

પોરબંદરના ખાદી ભવન ખાતે વર્ષ **2024**માં **84.50** લાખની સરખામણીએ વર્ષ **2025**માં **94.56** લાખનું ખાદીનું વેચાણ થયું હતું.

---